Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.6 No.13

Impact Factor
Quarterly
Jan-Feb-March 2021

---

## 'વ્યથાના વીતક' રેખાચિત્રોમાં નિરૂપાયેલા સમાજનું ચિત્ર

ડૉ. રાજેન્દ્રકુમાર કે . મકવાણા

---

**સારાંશ:**

જોસેફ મેકવાન એ ગુજરાતી સાહિત્યના સુવિખ્યાત અને લોકપ્રિય લેખક રહ્યા છે. ગુજરાતી દલિત સાહિત્યના પ્રથમ-શરૂઆતી અને પ્રમુખ સર્જક તરીકે એમનું અર્પણ ગુજરાતી સાહિત્યમાં મૂલ્યવાન છે. તેઓ માત્ર દલિત સાહિત્યના સર્જક ન રહેતા મુખ્યધારાના મહત્વના સર્જક તરીકે પણ ઊભરી આવ્યા છે. વિષય વૈવિધ્ય, વ્યાપ તથા ગુણવત્તાની દ્રષ્ટિએ પણ એમનું સર્જન વ્યાપક વર્ગોમાં સ્વીકૃતિ પામેલું છે. દલિત સાહિત્ય એ અનુકંપા પ્રેરવાનું સાહિત્ય નથી, પડકારનું સાહિત્ય છે, એની પ્રથમ શરત પ્રતિબદ્ધતા છે અને પ્રતિબદ્ધતા એક જવાબદારી હોય છે.

**પ્રસ્તાવના:**

જોસેફ મેકવાન જીવનવાદિ લેખક છે, પ્રતિબદ્ધ લેખક છે. 'કલાને મે પ્રમાણી છે પણ જીવતરને ભોગે કલાની ઉપાસના કરવાનું મને હરગિજ મંજૂર નથી.' એવું વારેવારે વગાડીને કહેનારા આ લેખકનું સાહિત્ય જાનપદી છે અને ગદ્યમાં જ આલેખયેલું છે, નવલકથા, ચરિત્ર નિબંધ થતાં ટૂંકીવાર્તા; આ ત્રણે ગદ્ય સાહિત્યનાં સ્વરૂપોમાં એમણે પૂરા અધિકારપૂર્વક અને ખાસ્સું ગુણવત્તાસભર-સંતપર્ક કર્યા કર્યું છે.

જોસેફ મેકવાને 'વ્યથાના વીતક'ની પ્રસ્તાવનામાં લખ્યું છે,'મારા શૈશવના અનેક સ્મરણો જેવા ને તેવા રૂપે આજેય મારી સ્મૃતિસંદૂકમાં સંઘરાઇ રહ્યા છે.' એ સ્મરણો એમણે કશાય બાહ્ય થપેડા વગર રજૂ કર્યા છે ત્યારે એ ચરિત્રોની ભાવ-ભાષા સાથે જોસેફ મેકવાનની ભાવ-ભાષા પ્રસ્તુત થઈ છે. 'હું નમાયો છું'થી આરંભાતી કિશોર જોસેફ-જોરસબ-જસ્યાની આ સ્મરણગાથામાં એ ઉછર્યા તે સમાજનું યથાતથ ચિત્ર રજૂ કર્યું છે.

**રેખાચિત્રમાં નિરૂપાયેલ સમાજ:**

ઉજળિયાત વર્ણથી ઠેબાં ખાતો, શોષાતો, પીડાતો. વળી નિજસમાજમાં પણ વહેંચાયેલો, ગમા-અણગમાંથી ઘેરાયેલો, પરિસ્થિતીવશ દબાયેલો-ચંપાયેલો, મૂંઝાયેલો-મૂરઝાયેલો છતાય ટકી રહેવા મથતો, વ્યસનમાં ડૂબેલો, વંશવેલા માટે તડપતો, દોરા-ધાગા ને મંતર-જંતરમાં આશ્વાસન શોધતો, બટાયેલા શિયળ પછી પણ અવાક્ રહેતો ને તોય આળ પામતો. આવા સમાજને ભીતર કષિક કસક સાથે જોસેફ મેકવાને ચરિત્રનિબંધના માધ્યમથી નિરુપ્યો છે.

'લક્ષ્મીનો ચાંલ્લો'માં જોસેફ મેકવાને ખળીએ જતી લખમીની જે વળે થઈ તેનું વાસ્તવિક ચિત્રણ આમ કર્યું છે:

'ખળીઓના આ શેઠીયા ભારે ખંધા હોય છે. મનભાવતા રૂપ માણવા-રોળવાં એમણે મન રમતવાત ! ને વસયાની આબરૂનો તો એમણે હિસબા જ નહીં. એમણે તે વળી ઇજ્જત શી ? ધારીએ એને ધમરોળિયે ! ને ચાલેય એવું જ. શેઠ કે શેઠપૂતર નજરમાં આવે એને માટે મુકાદમને ઈશારો કરે. મુકાદમની વહુ જ તેને શાનમાં સમજાવે અને દા'ડીએ રહેવું હોય તો વશે કે કવશે પેલી હરામિ ઈચ્છાને તાબે થવું જ પડે. ન થાય તો પેંતરામાં લેવાય કાં કાઢી મેલાય ! ને પછીની લાચારી બહુ નડે.' (પૃ. 30)

આમ, જ્યારે લખમી પણ આ કામાંધ શેઠીયાની હડફેટે આવી ત્યારે-

"લખમીએ બેઉ હાથે ખલવાનો ભરપૂર ઘા કર્યો એના માથા પર. એક ધબાકા સાથે પટેલ ધરાશાયી થઈ ગયો ને લખમી ત્યાંથી નાઠી. ઘેર આવીને એણે મગનાને અથેતિ વાત હમજાવી ને હાથમાં પેલો દોરો મેલતાં બોલી: 'આ ઈનો સાબૂત. ખલવું બરબારનું ઝાપટ્યું છે. માલમ નહીં મુવો જીવશે કે મરશે ! હવે તમે કરો એ ખરું !" (પૃ. ૩૭)

ત્યારબાદ હોબાળાના ડરથી પતિ મગન લખમીને પિયર મૂકી આવ્યો ને પ્રારંભઇ એની કરમકથાની. મગનના બાપે લખમી સાથે ફારગતી કરાવી. જોસેફ મેકવાને મગનની બદલાતી-બદલાતી, છેવટે ખવાતી જતી જીંદગીનો ચિતાર આપ્યો છે. છેવટે 'એણે કબરમાં પોદધડયો.' ને 'સૌ પહેલી માટી વાળવાનું' નિબંધકારને કહેવામાં આવ્યું. છેલ્લી મુઠ્ઠીએ અચાનક નિબંધકારનું મન પોકારી ઉઠ્યું:

"બહુ મમતા હતી તારી અમને- ને મરીને તારામાં જ મળી જવાના કોડ; પણ આજે તારા સોગંદ ખાઈને કહું છું: હું અંતરિયાળ મરવાનું પસંદ કરીશ; પણ તારો કણ મને ન અડવા દઉં ! તું અમારે માટે અભિશપ્તા છે; તું અમારા દુ:ખ-દરદ નહિઁ જ ટાળે !" (પૃ. ૩૬)

આમ, આ રેખાચિત્રમાં નિરૂપાયેલા સમાજમાં સ્ત્રીનું કેવું શોષણ થતું ! સાસુની વૃત્તિને વ્યવહાર તો વહુ રિબાય તેમાં જ ખીલે છે. પાનીભાભીને તાવ આવે તો પણ સાસુ જીવીકાકીને તો એમાં ઢોંગ જ દેખાય અને એનું ધ્રૂજવું 'ચળિતર' લાગે ! 'સાસુ-વહુ'માં તત્કાલિન સમાજનું બાળતું ચિત્રણ છે.

જોસેફ મેકવાને પોતાના સમાજની વરવી બાજુ વ્યક્ત કરવામાં જરાય છોછ રાખ્યો નથી. એમના સમાજમાં જે ભેદભાવનું વાતાવરણ હતું તેનું નિરૂપણ 'ભગવાનનું માણહ' માં આમ કર્યું છે:

"કૂવાનું ઉગમણું, આથમણું ને દખણાદું ભડ વણકર ને હવે ખ્રિસ્તીઓ માટે અનામત. ઓતરાદું એકનું એક ચમરો માટે. ચમારોના ચાલીસેક ઘર ને ગામ પાર અર્ધો ગાઉં દૂર બીજા વીસેક ઘર. એ બધાય આ જ ભાડે પાણી ભારે. ગમે એટલી ભીડ હોય, અર્ધા ઊભા ઊભા મોઢા વકાસતા હોય ને પેલાં ત્રણ બાકીના ભડ ખાલી હોય તો પણ ઓતરાદા ભડવાળા આ કોર આવી ન શકે. અંદર ઉતરતા ઘડ એકમેકને સાથે નેહનો નાતોય બાંધી લે પણ ઉપલી કોરે એમનાથી આઘા ન અવાય.' (પૃ. ૪૯)

આ ન કહેવાય, ન સહેવાય એવી વ્યથા હતી. આ ચોખ્ખું સત્ય એ કાળનું, કદાચ ક્યાંક આજનું પણ છે. સતિયાની શી દશા હતી. જોસેફ મેકવાને લખ્યું છે:

“પછી અમે વર્ગમાં જતાં. અમે સૌ અમારી જગ્યાએ ગોઠવાતા ત્યારે સતિયો અમારા વર્ગમાં સૌથી છેલ્લો આવતો. ઓશિયાળી આંખે આખા વર્ગને તાકતો અને લેસન બતાવવાની ધમાલમાં પડી જઈએ ત્યારે એ પોતાની બેઠક લઈ લેતો. એ ભાગ્યે જ પાટી લઈ આગળ આવતો. એને ન તો લેસન બતાવવાની ઊલટ રહેતી, ન તો દાખલો દેખાડવાની ! આનું કારણ પછી જ મને સમજાયું. (પૃ.૫૪)

જ્યારે નિબંધકારને સતિયાનું સત્ય સમજાયું ત્યારે તો સમય વહી ગયો હતો. નિબંધકાર જે પ્રાર્થના પાંચમા ધોરણમાં ગાતા હતા તેના સંદર્ભે અંતે લખે છે:

“આજે સતિયોય નથી ને પેલી પાટલીય પંચમહાભૂતમાં મળી ગઈ હશે; જેના છાયે સતિયાણા હાથ ઢોલક પર થાપ ડેટા, કોમળ કંઠ મીઠી હલક લેતો, એ ઊંચો લીમડોય કપાઈ ગયો છે, પરંતુ રામને નામ ઝુકાવેલી પેલી અમારી ‘નૈયા’ હજી આજેય આઝાદીમાં આડત્રીસ વર્ષ પછીય અધવચ ડોલી રહી છે, એને કોણ પાર ઉતારે?” (પૃ. ૫૬)

અહીં આઝાદી પછી પણ એ વર્ગની સ્થિતિમાં ફેર નથી પડ્યો તેની વ્યથા વ્યક્ત થઈ છે. નિબંધકારનો પ્રશ્ન ઘણું કહી જાય છે. એમાં પીડા છે, છૂપું દર્દ છે. નિબંધકારની આ લાચારી આપણને સ્પર્શી રહે છે.

‘વ્યથાના વીતક’ના ઓગણીસ ચરિત્રનિબંધ દ્વારા જોસેફ મેકવાને એ સમાજની વ્યથા-વેદનાને શબ્દસ્થ કરી છે. ચરિત્રો જેવા હતા તેવા જ આલેખ્યા છે. ભળ્યો છે લખતી વેળાએ એમનો ભાવ-એમની ભાષા. ઉમેરણ માત્ર એટલું જ. વળી,‘આવા ચરિત્રોના લેખકને હકીકતથી, ચાતરવું પાલવે જ નહીં’ એવી સજગતા પણ એમની પાસે છે. આથી એમણે ચરિત્રોનું લેખન કાલ્પનિક નહીં આપણ જાણે પ્રત્યક્ષ થતું હોય એવું વાંચતાં લાગે ! જેમકે;

“ગોરો-ગોરો વાન, સરેરાશ કરતાં બે મુઠ્ઠી ઓછી ઊંચાઈ, બાંધી દડીનું બદન, અણીદાર નાક, પાતળા હોઠ, પહોળું કપાળ ને કર્ણમૂલથી ઠોડી સુધીનો સુરેખ આકાર, કાલી ભ્રમરો નીચે આછી આસમાની ઝાયવાળી એની આંખમાં હંમેશ કશોક તલસાટ તલપ્યા કરતો ને એના હોઠો પર રમતું હાસ્ય એને પરણાયેલ વહાલ કરવા પ્રેરતું.” (પૃ. ૧૯)

મગનનું આ ચિત્ર એનાં વ્યક્તિત્વને છતું કરે છે. શબ્દ દ્વારા ચિત્ર આલેખવાની જોસેફ મેકવાનની કળા એમને ચરિત્રનિબંધકારની પંગતમાં સ્થાન અપાવે છે. આ વાસ્તવિક ચિત્ર ભાવકને તરબોળ કરે છે.

**સમાપન:**

આમ,‘વ્યથાના વીતક’ માં બે સામાજિક વર્ગોની રૂઢ થઈ ગયેલી, ચોક્કસ પ્રકારની માનસિકતા આ ચરિત્રનિબંધના પાયામાં છે. સાદ્યંત આ માનસિકતા જુદાજુદા ઉત્પાતો અને ઉપદ્રવો સર્જે છે. આ ચરિત્રોમાં સત્ય સાથે એની અભિવ્યક્તિનું પાસું પણ મહત્વનું છે. તળપદા શબ્દો, ચરોતરની વિશિષ્ટ બોલી અને બોલ-ચાલની ભાષાનો વિનિયોગ જોસેફ મેકવાનના ગદ્યની વિશેષતા છે. જોસેફ મેકવાનના ચરિત્રનિબંધોનું આકર્ષક તત્ત્વ તો એમની સચ્ચાઈનીઅભિવ્યક્તિ છે,જે આમ તો ઉવાખાયેલ વર્ગની વાચા છે. જે આપણે એમના આ રેખાચિત્ર ‘વ્યથાના વીતક’ માં એ સમયનાં સમાજનું આબેહૂબ ચરિત્રચિત્રણ કર્યું છે.

**સંદર્ભ સૂચિ:**


1. https://www.goodreads.com/gu/book/show/25549043
2. https://www.divyabhaskar.co.in/news/SAU-MAT-latest-una-news-051002-615983-NOR.html
3. https://gu.wikipedia.org/wiki/Joesph_Makwan
4. https://www.bookshare.org/browse/book/3853013
5. https://www.sahityasetu.co.in/issue63/bharat.html
6. https://www.spefdeesacolleges.org/samvid/articles/TCP_2021.pdf



**ડૉ. રાજેન્દ્રકુમાર કે. મકવાણા**

શ્રી એસ.આર. ભાભોર

આટ્ર્સ કોલેજ , સિંગવાડ.